રસુલપુર ગામના પરીણિત પ્રેમીઓ કૂવામાં પડી મોતને ભેટ્યા

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના રસુલપુર ગામના બે પરણિત પ્રેમી પંખીડાએ લીંભોઈ ગામના કુવામાં પડી મોતને ભેટ્યા જે અંગે મોડાસા ગ્રામ્ય પોલીસમથકે ગુનો નોંધાયેલ છે.

આ અંગેની વિગત આપતા મોડાસા ગ્રામ્ય પોલીસમથકના પી.એસ.આઈ. આર.વી. દેસાઈએ જણાવેલ કે રસુલપુર ગામના બે પરણિત પ્રેમી પંખીડા ઉંમર અંદાજે બંને ૨૫ થી ૩૦ વર્ષના જયેશ ચૌહાણ અને ચંપાબેન ચૌહાણ શુક્રવારના રોજ સવારે પૂનમ નિમિત્તે ઈટાડી ગામે માતાજીના દર્શને જવાનું કહી ઘરેથી નીકળ્યા હતા અને સાંજે ઘરે પરત ફરતા સમયે રસ્તામાં આવતા લીંભોઈ ગામના ઈશ્વરભાઈ પટેલના ખેતરના કુવામાં બંને એકબીજા સાથે હાથમાં હાથ બાંધી કુવામાં પડ્યા હતા. દરમિયાન શનિવારના રોજ સવારે ૧૧ વાગેના સુમારે ઈશ્વરભાઈ પટેલ ખેતર પર ગયેલા જ્યાં કુવા પાસે કપડા અને પર્સ દેખેલ જેથી ઈશ્વરભાઈ પટેલે મોડાસા ગ્રામ્ય પોલીસમથકે જાણ કરેલ હતી. ત્યારબાદ સ્થળ પર જી કુવામાં તપાસ કરતા બે પ્રેમી પંખીડાના મૃતદેહ દેખાયા હતા. જેથી મૃતદેહને બહાર કાઢીને મોડાસા સરકારી દવાખાને મોકલી આપી હતી. અને આ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પરપ્રાંતિય ટ્રકમાંથી ઘીના પાર્સલોની ઉઠાંતરી કરતા તસ્કરો

ઊંઝા, તા. ૧

ઊંઝા વિસ્તારમાં ગંભીર પ્રકારના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડતાં આમ જનતામાં તંત્રની કાર્યપદ્ધતિ સામે સવાલો ઉઠ્યા છે.

તાજેતરમાં ઊંઝા વિસ્તારમાંથી લાખોની કિંમતોના જુદા જુદા વાહનોની ચોરીઓના કિસ્સાઓમાં તપાસ દરમિયાન હજી સુધી ગુનેગારો કે ચોરાયેલ વાહનો અંગે પોલીસને કોઈ સફળતા મળી નથી ત્યાં ઊંઝા નજીક ઘી ના પાર્સલ ભરીને જતી એક પરપ્રાંતની ટ્રકમામાંથી ધોળા દિવસે કોઈ તસ્કરો રૂપિયા બે લાખ તેત્રીસ હજારની કિંમતના ઘીના ૪૭ પાર્સલની ઉઠાંતરી કરી હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે, ઉત્તર ભારતના હરિયાળાના ટ્રક ચાલક સતવીરસિંહ જોગીરામ જાટ (ચૌધરી) જૂનાગઢથી ટ્રકમાં ઘી ના પાર્સલ ભરીને હરિયાણા તરફ જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં ધોળા દિવસે ઊંઝા નજીકના મક્તુપુર પાસે કોઈ તસ્કરો આ ટ્રકમાં ચઢી ગયા હતા. અને રસ્તા કાપી અંદરથી ૪૭ ઘીના પાર્સલની ઉઠાંતરી કરી હતી. ચોરાયેલ ઘી ની કિંમત રૂપિયા બે લાખ તેત્રીસ હજારની થવા જાય છે.

કહે છે કે, ધોળા દિવસે વાહનોની અવરજવરથી ધમધમતા ફોરલેન હાઈવે પર મક્તુપુર નજીક ચાલુ ટ્રકમાંથી કોઈ તસ્કરો ઘી ના પાર્સલની ચોરી કરીને લી જતાં ટ્રકચાલક ચોંકી ઉઠ્યા હતા. અને આ બાબતે તેમણે નજીકના ઊંઝા પોલીસમથકે ચોરીની ફરીયાદ નોંધાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ઊંઝા પોલીસે કોણ જાણે કેમ ચોરીની ફરિયાદ નોંધાવાનો ઈન્કાર કરતાં ટ્રકચાલક સિદ્ધપુર પોલીસમથકે ગયા હતા. જ્યાં પોલીસે ટ્રકચાલકની ફરીયાદ નોંધી ગુનાવાલી જગ્યા ઊંઝા પોલીસમથકની હદમાં આવતી હોઈ ગુનાની નોંધણી અને તપાસઅર્થે ઊંઝા મોકલી આપી હતી. બાદ પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. ઊંઝા પોલીસ દ્વારા નાગરિકોની ફરિયાદ નોંધવામાં અવારનવાર અખાડા થતા હોઈ તંત્રની કાર્યપદ્ધતિ સામે લોકોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી ગામની ગ્રામ પંચાયત રાજ્યની શ્રેષ્ઠ ગ્રામ પંચાયત તરીકે પસંદગી પામ્યા બાદ તાજેતરમાં જ આ ગ્રામ પંચાયત સમગ્ર દેશની ગ્રામ પંચાયતોની સ્પર્ધામાં મોખરે રહી છે. પુંસરી ગ્રામ પંચાયત દેશની શ્રેષ્ઠ ગ્રામ પંચાયત જાહેર થતા જ કેન્દ્ર સરકારે તેના યુવા સરપંચ હિમાંશુ પટેલને ભારત રત્ન રાજીવ ગાંધી એવોર્ડ અર્પણ કરી સન્માન કર્યુ હતુ. આ પ્રસંગે પંજાબના રાજ્યપાલ શિવરાજ પાટીલ, લોકસભાના પૂર્વ અધ્યક્ષ બલરામ જાખડ અને પૂર્વ કેન્દ્રીય પંચાયત મંત્રી મણિશંકર અયૈર સહિતના દિગ્ગજો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દશરથ વણઝારા, તલોદ)

સાબરકાંઠા જિલ્લામાં ૧૩ વાજબી ભાવની દુકાનો માટે બીજી વાર જાહેરનામું પ્રસિદ્ધ

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લામાં લોકોને રેશનીંગનો જથ્થો સરળતાથી મળી રહે તે માટે જુદા જુદા મથકો ઉપર સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો ખોલવાના સરકારના અભિગમને લઈ નવીન ૧૩ દુકાનો માટે અગાઉ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. પરંતુ યોગ્ય પાત્રતા ધરાવતા ઉમેદવારો ન મળતા જિલ્લા કલેક્ટર દ્વારા બીજી વખત જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જિલ્લાના હિંમતનગર, વડાલી, મોડાસા, ઈડર અને ખેડબ્રહ્મા તાલુકાના કેટલાક ગામોમાં સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો ખોલવા માટે બીજી વખત જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેમાં હિંમતનગર તાલુકાના સુરપુર(ખાં) મનોરપુર અને આગીયાલમાં સ્વ-સહાય જુથના ઉમેદવારો માટેની કેટેગરી નક્કી કરવામાં આવી છે. જ્યારે મોટી વ્હોરવાડ માટે સ્વ-સહાય જુથ મહિલા, જ્યારે વડાલી તાલુકામાં દૂધ ડેરી વિસ્તાર વડાલી (સા.શૌ. પછાત વર્ગ) થેરાસણ (સવ-સહાય જુથ) ભાણપુર (સ્વ. સહાય જુથ અ.જ.જા.), બાબસર (સા. માન્ય) વાઠોડ (શા.શૌ. પછાતવર્ગ) અને રહેડા (સામાન્ય મહિલા) મોડાસાના દોલપુરમાં સા.શૌ. પછાત ઈડરના હસનપુર સા. શૌ. પછાત સ્વ-સહાય જુથ જ્યારે ખેડબ્રહ્માના અજાવાસ ખાતે અ.જ.જા. સ્વ. સહાય જુથના ઉમેદવારો માટે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. વાજબી ભાવની દુકાન મેળવવા માંગતા જે તે કેટેગરીના ઉમેદવારોએ તા. ૧૫-૯-૧૨ સુધીમાં જે તે મામલતદાર કચેરીએથી અરજી ફોર્મ મેળવી ઉમેદવારી કરવાની હોવાનું જિલ્લા પુરવઠા કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે.

સહકારી અને જાહેર જીવનના મોભી એવા સ્વ. પોપટભાઈ એમ. વ્યાસને શ્રદ્ધાંજલી

ગાંધીનગર, તા. ૧

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ, ગાંધઈનગરના કાયમી ટ્રસ્ટી અને બોર્ડ ઓફ ગસર્નરસના સભ્ય, જાહેર જીવનના મૂલ્યનિષ્ઠ અગ્રણી કાર્યકર, રાજ્યના સહકારી ક્ષેત્રના અગ્રણી, વિવિધ સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલ પોપટભાઈ વ્યાસનું તા. ૩૧ ઓગસ્ટના રોડ મોડી રાત્રે થયેલ નિધન બદલ ઊંડા દુખની લાગણી અનુભવું છે.

પોપટભાઈ વ્યાસ ગુજરાતની સહકારી પ્રવૃત્તિના મોભઈ, ગુજરાત રાજય સહકારી બેન્ક અને સુરત જિલ્લા સહકારી બેન્કના સંચાલક મંડળમાં વર્ષો સુધી સદસ્ય પદે રહ્યા હતા. સુરતની અખંડ આનંદ કો.-ઓપરેટીવ બેન્કના સ્થાપક ઉપરાંત રાજયની વિવિધ સહકારી સંસ્થાઓમાં ડિરેકટર પદે સેવા આપનાર તેમજ શૈક્ષણિક તથા સામાજિક સંસ્થાઓના રાજબર અને જાહેર જીવનના અગ્રણી હતાં. સહકારી ક્ષેત્રમાં ઝંપલાવ્યા પહેલાં તેઓશ્રીએ આઝાદીના સમયમાં કોંગ્રેસમાં સક્રિય ભાગ લઈ સંગઠનમાં સેવાઓ આપી હતી. સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલના મંત્રી મંડળમાં ગૃહમંત્રી તરીકે તેઓએ કરેલ કામગીરીના આપણે સૌ સાક્ષી છીએ.

ઘણા વર્ષોથી પોતાની હૈયા સુઝ અને આપ બળે રાજકીય અને સહકારી ક્ષેત્રેમાં આગવું સ્થાન બનાવ્યું હતું. અને જીવંત પર્યત ગ્રામ્ય જનતાના અને આર્થિક રીતે કચડાયેલ વર્ગના વિકાસ અને ઉત્થાન માટે ચિંતીત અને જાગૃત રહીને સુરત જિલ્લા અને શહેરમાં અભુતપૂર્વ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી.

રાજયની ટોચની સહકારી સંસ્થાઓમાં હોદ્દેદાર, ડિરેકટરપદે રહીને તેઓએ સહકારી સંસ્થાઓનું ગૌરવ વધાર્યું હતું. ગુજરાત રાજયની સહકારી પ્રવૃત્તિમાં રાજય હસ્તક્ષેપ સામે લડત આપતાં આપણે સૌએ જોયા છે. શારીરિક તકલીફો હોવા છતાં સહકારી પ્રવૃત્તિ અને જાહેર જીવનની કામગીરી માટે રાત દિવસ જોયા વગર સતત કાર્યરત રહેતા.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES — APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૫, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

તલોદનું ખાલી તળાવ ભરવા ગ્રામજનોની ઉગ્ર માગ

તલોદ, તા. ૧

કેટલાક વર્ષોથી સાબરકાંઠા જિલ્લાના તલોદ ગામનું તળાવ ભરવાની ફુરસદ કે ફિકર કોઈને ન થતાં લગભગ ૧૦૦ એકરમાં પથરાયેલું આ વિશાળ તળાવ વર્ષોથી નિર્જળ ભાસી રહ્યું છે. ગામના અનુસૂચિત જાતિ, જનજાતિ, બક્ષીપંચ અને અન્ય કોમના પ્રજાજનો વસવાટ કરી રહે છે. તલોગ ગામની અંદાજીત વસ્તી ૨૫૦૦ જેટલી હોવાનું મનાય છે. પરંતુ આ ગામના તળાવનો લાભ આસપાસના ૧૦ કિમીના વિસ્તારમાં આવેલા ગામડાઓની ખેતપેદાશોને થાય તેમ છે. આ અંગે છેલ્લા એક દાયકા કરતાંય વધુ સમયથી એટલે કે સમયાંતરે સને ૨૦૦૧ થી તા. ૩-૩-૨૦૧૨ સુધીમાં અનેક વખત લાગતા વળગતાઓને કરેલ રજૂઆતોનું પરિણામ શૂન્ય આવેલ છે. તેમજ તલોદ ગામના આ વિશાળ તળાવને પાણીથી છલકાવી દઈ સિંચાઈનો પ્રશ્ન હલ કરવા બાબતે ગામના જાગૃત ખેડૂત સદસ્યોએ કરેલી અરજીઓ જાણે કે સરકારી ફાઈલોના કબ્રસ્તાનમાં દફનાવી દીધી હોય તેવો ખેલ થયો છે. પરિણામે ગ્રામજનોમાં અને આસપાસના વિસ્તારના ખેડૂત પરિવારોમાં પણ ભારે આક્રોશની લાગણી ઉદ્ભવી છે કે જે લોકો વિશાળ તળાવ હોવા છતાં સિંચાઈના બૂંદ બૂંદ પાણી માટે વલખાં મારી રહ્યા છે. આ પ્રજાનોનો આક્રોશ આજે સપાટી ઉપર તરી આવ્યો હતો. જેઓએ આક્રોશ વ્યક્ત કરવા અને પોતાની મનોવેદના સરકારી તંત્રના મૂક અને બધિર જેવા ભાસતા કર્ણપટ પર પહોંચાડવા આજે તલોદ ગામથી તલોદ નગર સુધીની એક રેલીનું આયોજન કર્યુ હતુ.

તલોદગામ નગર વિકાસ સમિતિના પ્રમુખ ફતાભાઈ ધર્માભાઈ પટેલ સહિતના વડીલોના નેજા હેઠળ સૂત્રોચ્ચાર કરતી આ રેલી તલોદ બજારમાં થઈ મામલતદાર કચેરીએ પહોંચી હતી. જ્યાં સમિતિના પ્રમુખના હસ્તે મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ત્યારે ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ગામમાં વસતા મોટાભાગના ગ્રામજનોનો વ્યવસાય ખેતી અને પશુપાલન છે. ગામના ૧૦૦ એકરના તળાવની નજીકથી સુજલામ સુફલામની સ્પેન્ડીંગ કેનાલ પસાર થાય છે. જો આ તળાવ ભરવામાં આવે તો આસપાસના સંખ્યાબંધ ગામોના ખેત કૂવાના તળ પણ ઊંચા આવવાની શક્યતા છે. પરિણામે તેમ થાય તો ત્રણે સિઝનમાં ખેડૂતો ખેત પેદાશો કરી શકે તેમ છે. તદ્ ઉપરાંત જનજીવન અને પશુજીવનને માટે પણ પીવાના પામીનો પ્રશ્ન હલ થાય તેમ છે.

ગામ લોકોના આક્રોશમાંથી સપાટી પર એવું તરી આવતું હતું કે, કલ્યાણકારી મેળાઓમાં રાચતી સરકાર કે તેમાં બિરાજમાન થયેલા મહાનુભાવો આવા તળાવોની આવી હાલત પ્રતિ કેમ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવતી નથી ?

ઈડરમાં બે કોમ વચ્ચે જૂથ અથડામણ, પથ્થરમારો અને આગચંપીના બનાવો

૪ મકાન-૩ દુકાન અને ત્રણ વાહનોને નુકશાન

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે ગત રાત્રિના સમયે બે કોમ વચ્ચે મીની ટ્રક અને બાઈક વચ્ચે થયેલ અકસ્માત બાબતે બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા ટોળાએ સામ સામે પથ્થરમારો કર્યો હતો અને બે દુકાનોને આગ લગાડી હતી. ઉપરાંત દુકાનો, મકાનો અને ત્રણ વાહનોમાં નુકશાન પહોંચાડી નાસી ગયેલ જયારે ચારને ઈજાઓ થવા પામી હતી. બનાવ અંગે ઈડર પોલીસ મથકે સામ સામે ફરિયાદ નોંધાઈ છે.

ઈડરમાં ગત રાત્રિના નવ વાગ્યા સુમારે આરીફભાઈ યાકુબમિયા શેખ પોતાની મિની ટ્રક લઈ આવતા હતા ત્યારે ઘુલેટા દરવાજા પાસે બાઈક લઈ લાવતા છોકરાઓ સાથે ટ્રક અને બાઈકની ટકકર બાબતે બોલાચાલી થઈ હતી. આ અદાવતના સંદર્ભે સામસામે પથ્થર મારો થયો હતો. જેમાં બંને કોમે દુકાનોને આગ લગાડી વાહનો અને મકાનોને નુકશાન કર્યું હતું. બંને તોફાની ટોળાએ રાત્રીના પથ્થરમારો અને આગ લગાડયાના બનાવથી નગરમાં ભારે તંગદીલી ફેલાઈ ગઈ હતી. તોફાની ટોળાએ બે દુકાનોને આગ લગાડી હતી. અને ત્રણ દુકાનો, ચાર મકાનો અને ત્રણ વાહનોને નુકશાન કર્યું હતું. પત્થરમારાના બનાવમાં ચાર જણાને ઈજાઓ પહોંચી હતી. જેમાંથી એકને વધુ ઈજાગ્રસ્ત ઈસમ નાસીખાન હસનખાન પઠાણ ને ઈડર પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લાવેલ પરંતુ વધુ ગંભીર હોવાને કારણે વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા જયારે બાકીના ત્રણ ઈજા ગ્રસ્ત જુહારખાન સબારખાન મિર્ઝા, સહિદ જાહિદમિયા સૈયદ, મુસ્તનીર મકસુદમિયા શેખ ઈડર સિવિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

હિંમતનગર ખાતે શારિરીક દુખાવાનો નિદાન કેમ્પ

હિંમતનગર, તા. ૧

હિંમતનગર ખાતે પરબ સંસ્થાના ઉપક્રમે આજે શારીરિક દુઃખાવાના મફત નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણસોથી વધુ દર્દીઓએ ભાગ લીધો હતો.

પરબ સંસ્થા દ્વારા યોજેલ કેમ્પમાં અમદાવાદના લેડી ડૉ. પલક મહેતાએ શારિરીક દુઃખાવાને લગતી બિમારીઓ જેમ કે માથાનો દુઃખાવો, હાથપગ, ઢીંચણ, મોઢાની નસ દુ-ખવી જેવા રોગોની મફત તપાસ કરી જરૂરી સારવાર તથા દવાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કેમ્પમાં ત્રણસોથી વધુ દર્દીઓએ ભાગ લીધો હતો. કેમ્પનું સફળ આયોજન પરબ સંસ્થાના પ્રમુખ સુરેસ પટેલ, મંત્રી કુ. કૌશલ્યા કુંવરબા તથા પરબ પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

અજુજાના ઠાકોર પરિવારને ગુજરાતી કલાકાર વિક્રમ ઠાકોર દ્વારા ૫૧૦૦૦ની સહાય

ડીસા, તા. ૧

તાજેતરમાં વિશ્વ વિખ્યાત યાત્રાધામ અંબાજી ખાતે દર્શનાર્થે ગયેલા ઠાકોર પરિવારના ૨૦ વ્યક્તિઓ ગબ્બર પર્વત પાછળના રસ્તે અકસ્માતમાં મોતને ભેટ્યા હતા. મૃતકોના વારસદારોને રાજ્ય સરકાર દ્વારા તેમજ ઠાકોર સમાજના દાતાઓ દ્વારા સહાય આપવામાં આવી છે ત્યારે ગુરૂવારના રોજ ઠાકોર સમાજના ગુજરાતી સ્ટાર અને ગાંધીનગર પાસે આવેલ ફતેપુરા ગામના વતની ફિલ્મસ્ટાર વિક્રમજી ઠાકોરે મૃતકોના પરિવારજનોને સાત્વના પાઠવવા માટે પાટણના અજુજા ગામની મુલાકાત લીધી હતી અને રૂ. ૫૧૦૦૦ હજાર સહાય આપી સમાજ પ્રત્યેનું ઋણ અદા કર્યુ હતુ. તેમની સાથે પાટણ તાલુકા કોંગ્રેસ માલધારી સેલના વિપુલભાઈ રબારી, ફિલ્મ કલાકાર દેવરાજ ઠાકોર, કાનજીભાઈ દેસાઈ તેમજ અન્ય અગ્રણીઓ અને ફિલ્મીહસ્તીઓ ઉપસ્થિત રહી હતી.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD — Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર — કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટ્યૂકડી જાહેર ખબર

અટળક નાણાં કમાઓ

વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ

મો. : ૯૦૩૩૨૩૨૧૬૩

(અમૂલ્ય તક ૧૦૦%)

ફર્નિચર ભાડે મળશે

ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.

મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

જાહેરનામું

મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

જમીન સંપ્રાપ્તિ અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)

જીલ્લો : ગાંધીનગર — તારીખ ૨૩-૭-૨૦૧૨

નંબર : અમ/૨૦૧૨/૯૬/મ/જગધ/૧૫૧૨/૧૧૭/ધ

ભારતના બંધારણની કલમ : ૨૫૮ના ખંડ (૧) અન્વયે પાડવામાં આવેલ ભારત સરકારના ખેતી (ગ્રામ્ય વિકાસ વિભાગ) મંત્રાલયના તારીખ ૨૦-૮-૮૭ના જાહેરનામા નં. ૧૨૦૧૧/૩૨/૧૭/૮૪/એસ.આર.ડી. / એસ.ઓ. / ૭૮૭ (ઈ) દ્વારા ગુજરાત રાજ્યના પ્રદેશમાં સંઘના હેતુ માટે જમીન સંપાદન સંબંધમાં સને ૧૮૯૪ના જમીન સંપાદન અધિનિયમ (સને ૧૮૯૪નો ૧લો) હેઠલના કેન્દ્રીય સરકારના કાર્યો ગુજરાત સરકારને સોંપવામાં આવ્યા છે. એથી

અને મહેસુલ વિભાગના તારીખ ૧૫-૯-૨૦૧૧ના સરકારી જાહેરનામા નંબર : અમ/૨૦૧૨/૯૬/મ/જગધ/૧૫૧૨/૧૧૭/ધ. જે કાયદાનુસાર પ્રસિદ્ધ કરાવાયેલ તેથી જાહેર કરવામાં આવ્યું હતું કે, આ સાથેના અનુસુચિની આસન-૩માં દર્શાવેલ જાહેર હેતુ માટેની આ સાથેની અનુસુચિમાં દર્શાવેલી જમીનો (હવે પછી અહીં ઉક્ત જમીનો તરીકે ઉલ્લેખાયેલ)-ની જરૂર પડે તેવો સંભવ હતો એથી.

સને ૧૮૯૪ના જમીન સંપ્રાપ્તી અધિનિયમ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫ એ ની પેટા કલમ (૨) મુજબ ખાસ જમીન સંપાદન અધિકારી, તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન, અમદાવાદના અહેવાલ પર વિચારણા કર્યા બાદ ગુજરાત સરકારને ખાતરી થઈ છે કે, આ સાથે અનુસુચિ આસન-૩માં દર્શાવેલ જાહેર હેતુસર ઉક્ત જમીન સરકારી ખર્ચે સંપ્રાપ્ત કરવાનું જરૂરી છે. એથી

ઉક્ત અધિનિયમની કલમ-૩ના ખંડ (સી) અન્વયે ખાસ જમીન સંપાદન અધિકારી, તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન, અમદાવાદને આથી ઉક્ત જમીનો સંબંધમાં હવે પછી કરવાની બધી કાર્યવાહી માટે કલેક્ટરના કાર્યો બજાવવા નીમવામાં આવે છે. ઉક્ત જમીનોની સંપ્રાપ્તી માટે ઉક્ત અધિનિયમની કલમ-૭ અન્વયે હુકમ મેળવવાની પણ તેમને સુચના આપવામાં આવે છે. ખાસ જમીન સંપાદન અધિકારી, તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન, અમદાવાદની કચેરીએ ઉક્ત જમીનોનો નકશો તપાસી શકાશે.

અનુસુચિ

જીલ્લો : ગાંધીનગર — તાલુકો : ગાંધીનગર — ગામ : ઉવારસદ

કમ નં.	સર્વે નં./ બ્લોક નં.	જરૂરી જમીનનો આશરે વિસ્તાર			જે જાહેર હેતુ માટે જરૂર છે તે જાહેર હેતુ
(૧)	(૨)	(૩)			(૪)
		હે.	આરે.	ચો.મી.	
૧	૧૨૪૯/૧	૦૦	૪૫	૫૦	તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન
૨	૧૨૪૯/૨	૦૦	૨૧	૦૦	લીમીટેડ, અમદાવાદ પ્રોજેક્ટ
૩.	૧૨૪૯/૩	૦૦	૨૫	૦૦	ચાંદખેડાના સારકામ નં. KLPC
૪.	૧૨૪૮/૧	૦૦	૩૫	૪૧	(KL # 620) એલ.એ.ક્યુ.
	કુલ	૦૧	૨૬	૯૧	કેસ નં. ૧૧/૨૦૧૧/જી

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/- નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી ઓ.એન.જી.સી., અમદાવાદ

સહી/- (એચ. કે. પ્રજાપતિ) સરકારના ઉપસચિવ

ક્રમાંક/નામાનિ/અઘદ/૧૦૫૭/૧૦૨૨